181

વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનને વીમા સહાય યોજના આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૮-૩-૨૦૦૭

**વંચાણે લીધા :-**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૯-૧-૦૬નો પત્ર ક્રમાંક:-યજન-નવી બાબત-૦૬-૦૭-૮,

(૨) વિમા નિયામકશ્રી, ગાંધીનગરનો તા.૨૨-૩-૦૭નો પત્ર ક્રમાંક:-ડીઆઇ-યુ-૧-દેવ-૦૭-૧૧૯૫-એ,

**ઠરાવ :-**

વિકલાંગ વ્યક્તિઓને વીમા યોજના હેઠળ આવરી લેવા માટેની એક યોજના વિચારણામાં લઇને રૂ.૭૫.૦૦ લાખની નવી બાબતની બજેટ જોગવાઇ આયોજન હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭માં કરવામાં આવેલ છે. જેને નીચેની શરતોએ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) એક વિકલાંગ વ્યકિત માટે રૂ.૧/-લાખની રકમનો વીમો લેવાનો રહેશે.

(૨) એક લાખની વીમા પોલીસી સામે વાર્ષિક રૂ.૫૫/-(પંચાવન)નો પ્રિમિયમનો દર રહેશે.

(૩) જેની વાર્ષિક આવક રૂ.એક લાખથી વધતી નથી તેવી વિકલાંગ વ્યક્તિના મૃત્યુ પ્રસંગે તેના કુટુંબીજનોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૪) વિમા નિયામકશ્રી ગાંધીનગરની કચેરીમાંથી વિકલાંગ વ્યક્તિઓ માટેની વિમા પોલીસી લેવાની રહેશે.

(૫) વિમા પોલીસી અને તેની અન્ય શરતો તથા ધારાધોરણો અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ વીમા નિયામકશ્રીના પરામર્શમાં આ માટે વિગતવાર યોજના/જરૂરી દરખાસ્ત તૈયાર કરીને સરકારમાં મોકલવી જેથી યોજના અંગેના વિસ્તૃત હુકમો કરી શકાય.

//૨//

૧૬૮

182



(૬) નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રૂ.૧.૦૦ લાખની આવક મર્યાદામાં આવતા વિકલાંગ વ્યકિતઓની નોંધાયેલ યાદી જિલ્લાવાર પ્રતિ વર્ષે પોલીસી રીન્યુ કરતી વખતે વીમા નિયામકશ્રીને આપવાની રહેશે.

(૭) વર્ષ ૨૦૦૬-૦૭ની જોગવાઇ પૈકી ઉપલબ્ધ રકમ ૩૧મી માર્ચ-૨૦૦૭ની પહેલાં વીમા નિયામકશ્રીને તેમની પાસેથી Invoice પત્ર લઇને ચુકવવાની રહેશે.

આ અંગે ખર્ચ બજેટ સદર માંગણી ક્રમાંક-૯૬-૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-૦૨-સમાજ કલ્યાણ-૧૦૧-વિકલાંગોનું કલ્યાણ-(૪)-એસસીડબલ્યુ-૩૩-વિકલાંગો માટેની વીમા યોજના(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૪/૩/૦૭ની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.જે.પરમાર )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મા.મંત્રીશ્રી(સા.ન્યા.અને અ.)ના અંગત સચિવશ્રી,
અગ્ર સચિવશ્રી(ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, ભંડાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
વિકલાંગ વ્યક્તિ માટેના કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
વિમા નિયામકશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા મહેતા ભવન, ગાંધીનગર.
તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ
નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ,
સિલેકટ ફાઇલ.

૧૩/૫૦૯/

નં. અપગ/વિમા પોલીસી/૦૬-૦૭/૨૦૬૮,
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯-૦૩-૨૦૦૭.

નકલ સવિનય રવાના:
(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ સારૂ.
(૨) સંબધિત ફાઈલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય, ગાંધીનગર